સૌંદર્ય એક શક્તિ છે અને
સ્મિત તેનું શાસ્ત્ર
- ચાર્લ્સ રીડ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩ — ૧૪ માર્ચ, ૨૦૧૩, ગુરૂવાર; ફાગણ સુદ - ૩ — પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## સ્વાઈન ફ્લુના વધુ બે કેસ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફ્લુના છુટા છવાયા કેસો હજુ પણ નોંધાઈ રહ્યા છે. આજે વધુ બે નવા કેસ મળી આવતાં આ કેસોની સંખ્યા ૧૬ પર પહોંચી છે.

આજે મળી આવેલા બન્ને દર્દીઓ ગાંધીનગરના સીમાડા પર આવેલ પેથાપુર અને સરગાસણ ગામના રહીશો છે. આ બન્ને દર્દીઓને સારવાર માટે ગાંધીનગર નજીકની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે જ્યાં તેમની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેર અને જિલ્લામાં છુટા છવાયા કેસો સ્વાઈન ફ્લુના સતત મળી રહ્યા હોવાથી તંત્રની ઊંઘ હરામ થઈ જવા પામી છે.

શહેર અને જિલ્લામાંથી મળી રહેલા કેસોને પગલે તાજેતરમાં રાજ્ય કક્ષાએથી વિડીયો કોન્ફરન્સમાં ગાંધીનગરના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક પણ યોજવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

સ્વાઈન ફ્લુના કેસો ગરમી વધતાં ઘટવા જોઈએ પણ જે ઝડપથી નવા કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની ઊંઘ હરામ થઈ જવા પામી છે.

તંત્ર દ્વારા આ માટે જન જાગૃતિ અભિયાન છેડવા માટેનું પણ આયોજન હાથ ધરવામાં આવ્યું હોવાનું જાણવા મળેલ છે. જો કે અભિયાનને લઈ તંત્રમાં થોડીક દ્વિધાઓ પ્રવર્તી રહી છે પરંતુ હવે સ્વચ્છતાના મુદ્દાને આગળ ધરી અને આ જનજાગૃતિ અભિયાન યોજવામાં આવશે તેવા નિર્દેસો મળી રહ્યા છે.

ગાંધીનગરમાંથી આજે મલેલા બે નવા કેસોને પગલે હવે

● અનુસંધાન પાન-૭ પર

## મેટ્રોરેલ પ્રોજેક્ટનો ખાતમુહૂર્ત વિધિ ટૂંક સમયમાં

### રાજ્ય વિધાનસભા ગૃહમાં શહેરી વિકાસ વિભાગની ચર્ચા દરમ્યાન શ્રીમતિ આનંદીબેન પટેલે મેટ્રોરેલ માટે રૂ. ૫૫૦ કરોડની ફાળવણી તેમજ એફોર્ડેબલ હાઉસીંગ માટે પ્રોત્સાહક યોજના વિચારણામાં હોવાની કરેલી જાહેરાત

ગાંધીનગર, તા. ૧૩

રાજ્ય સરકારના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ મેટ્રોરેલનું ટુંક સમયમાં જ ખાતમુહૂર્ત કરી અને અમલીકરણનો પ્રારંભ કરવામાં આવશે તેમ રાજ્યના શહેરી વિકાસ મંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે આજે રાજ્ય વિધાનસભાગૃહમાં તેમના વિભાગ પરની માંગણીઓની ચર્ચાનો જવાબ આપતાં જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ માટે રાજ્ય સરકાર સંપૂર્ણ ઈચ્છા શક્તિ ધરાવે છે અને તે માટે કેન્દ્ર સરકારના સહયોગની રાહ જોયા વિના અંદાજપત્રમાં રૂ. ૫૫૦ કરોડની જોગવાઈ કરી છે.

શ્રીમતિ પટેલે જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ માટે ઘણી બધી કામગીરી થઈ ચુકી છે. અમલીકરણ માટેની જે પ્રાથમિક તૈયારીઓ જરૂરી છે તે પણ તેના અંતિમ તબક્કામાં છે અને તે પૂર્ણ થતાં જ આગામી દિવસોમાં તેનો ખાતમુહૂર્ત કરી આરંભ કરવામાં આવશે.

શહેરી વિકાસ મંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે તેમના પ્રત્યુત્તરમાં શહેરી ગરીબો માટેના આવાસ યોજનાનું આયોજન પણ પૂર્ણ થઈ ગયુ હોવાનું જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે એફોર્ડેબલ હાઉસીંગ યોજનાઓ માટે કેટલીક પ્રોત્સાહીક યોજનાઓ હાલ સરકારની

● અનુસંધાન પાન-૭ પર




રાષ્ટ્રીય સુરક્ષા દિવસ - કલ્પતરૂ પરિવાર દ્વારા મહિલાઓ માટે ખાસ સુરક્ષા સેમિનાર યોજાયો હતો. કર્મચારીઓના પરિવારમાંથી મહિલા કલ્યાણ અને માર્ગદર્શન માટે કલ્પતરૂ વિશેષ કાર્યક્રમોનું આયોજન કરે છે. મહિલા જાગૃતિ અને કાયદાકીય માર્ગદર્શન માટે યોજાયેલ સેમિનારમાં ઘરેલુ સુરક્ષાના સંદર્ભે ૧૨૫ વધુ મહિલાઓએ પ્રતિજ્ઞાપત્ર પર સમુહ હસ્તાક્ષર અને પ્રતિજ્ઞા વાંચનનો કાર્યક્રમ ખૂબ જ પ્રભાવી રહ્યો હતો. કે.પી.ટી.એલ. લર્નીંગ સેન્ટર ખાતે યોજાયેલ સુરક્ષાચક્ર સામાજિક પ્રેરણાનું કેન્દ્ર બની રહ્યું હતું. (તસવીર : દિપક જાની)

ગાંધીનગર રચનાત્મક સેવા સમિતિ આયોજીત

**દ્વિતીય સર્વજ્ઞાતિય સમૂહ લગ્નોત્સવ**

તારીખ : ૨૭/૪/૨૦૧૩, શનિવાર ● સ્થળ : પરમેશ્વર કોલ્ડ સ્ટોરેજ, મુ. પાલૈયા

ભાગ લેવા ઈચ્છુક દિકરા - દિકરીઓના વાલીઓએ ફોર્મ તા. ૧૨-૪-૨૦૧૩ સુધી ભરી દેવા વિનંતી

**શ્રી કલ્યાણસિંહ ચંપાવત - ૯૮૨૫૦૩૦૦૦૫**
પ્લોટ નં. ૨૪૩, સેક્ટર-૭એ, ગાંધીનગર

**શ્રી જયદેવભાઈ બારોટ - ૯૧૭૩૧૧૪૫૨૯**
ગ્રામલક્ષ્મી રવિ કિરણ ખાદી ભંડાર,
સરદાર પટેલ શોપીંગ સેન્ટર સામે, દહેગામ

**શ્રી મુકેશભાઈ અમીન - ૯૮૨૫૬૩૮૩૩૨**
હોટેલ આશીષ, બસ સ્ટેન્ડની પાસે, દહેગામ

**શ્રી ભરતભાઈ રતિલાલ મુંજાણી - ૯૯૯૮૩૮૯૭૨૮**
૧, મનીષા એપાર્ટમેન્ટ, સોલંકી વાસ, દહેગામ

**શ્રી સુરેશભાઈ મંગળભાઈ પટેલ - ૯૪૨૭૬૯૩૬૯૭**
મુ. આંબલિયારા, તા. બાયડ

**વિશેષ સંપર્ક નંબર :**
૯૮૨૪૨૭૩૫૦૩, ૯૮૯૮૪૯૩૭૯૩, ૯૭૨૭૦૨૪૨૯૦, ૯૯૯૮૯૯૯૬૭૪, ૯૯૨૪૭૧૫૫૨૪
જણાવેલ નંબર પર સંપર્ક કરવા વિનંતી

## ઉનાળાના આરંભે જ આરોગ્ય તંત્રની લાલઆંખ

### સે. ૬માં સર્વેલન્સ કરાયુ તો ઈન્ફોસીટીમાં સ્વચ્છતા સહિતના મુદ્દાઓને લઈ વેપારીઓને નોટીસ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરમાં રોગચાળા માટે સંવેદનશીલ ગણાતા સે. ૬માં આજે મહાનગરપાલિકાનું આરોગ્યતંત્ર ૧૦થી પણ વધુ ટીમો સાથે ઉતરી પડ્યું હતું અને સેક્ટરમાં તાવ સહિતના દર્દીઓ શોધવા ઉપરાંત સફાઈની કામગીરીને સઘન બનાવવાના મુદ્દે કાર્યવાહી હાથ ધરી હતી. કોર્પોરેશનમાં મ્યુનિ. કમિશનર દ્વારા રચાયેલ ટાસ્ક ફોર્સની ટીમે આજે ઈન્ફોસીટી વિસ્તારમાં પણ સ્વચ્છતાના મુદ્દે કાર્યવાહી કરી અને વેપારીઓને ચેતવણી આપી સ્વચ્છતા તેમજ અન્ય કાયદાઓના કડક પાલન માટે ચેતવણી આવી હતી.

મળતી વિગતો પ્રમાણે સે. ૬માં આજે સવારથી જ આરોગ્ય તંત્ર અને સેનીટેશનની ટીમો ઉતરી પડી હતી અને ઘરે ઘરે ફરી આરોગ્ય વિષયક સર્વેલન્સની કામગીરી હાથ ધરી હતી.

ઉનાળાની ગરમીના દિવસો શરૂ થઈ રહ્યા છે ત્યારે અગાઉ આ સેક્ટરોમાં કમળા, ઝાડા-ઉલ્ટીના નોંધાયેલા કેસોની હિસ્ટ્રીને ધ્યાને રાખી અગમચેતીના પગલાંઓના ભાગરૂપે આ સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. મળતી વિગતો પ્રમાણે આરોગ્યની ટીમને ૩ જેટલા સાદા તાવના કેસ સર્વેલન્સ દરમ્યાન મળી આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

બીજી તરફ ઈન્ફોસીટી વિસ્તારના સુપરમોલ વિસ્તારમાં પણ

● અનુસંધાન પાન-૭ પર

SHILPA Steel And Power Ltd. SSPL

# SHILPA STEEL AND POWER LIMITED

**Conversion Agent of : STEEL AUTHORITY OF INDIA LTD.**

Re-Rollers & Manufacturers of Shipla Tempcore TMT Bars As per : IS-1786/2008 & Channels, Joints, Beams, Flats & Angles Upto 200x200 mm as per IS-2062/2006

Manufacturer of Transmission Line Towers with Hot DIP Galvanizing Facility

Regd Office & Works Unit I, Plot No. 1 to 4, Wanjra Layout, Kamltee Road, Nagpur-26
OFF : 2640060, 2640061 FAX : 0712-2640097 Email : shilpa_ngp@shilparl.com
Unit II : Plot No. B-209, MIDC, Butibori, Nagpur-411 108 • Off : 07104-265545 • Fax : 07104-265657 • Email : shilpar@dataone.in
TLT Div. : Plot No. B-209, MIDC, Butibori, Nagpur-411 108 • Off : 07104-665200, 265545 • Fax : 07104-265643 • Email : shilpar@dataone.in